ડાયરેક્ટ સે

જિંદગીના દિવસો વધારવા હોય તો વિચારોના કલાકો ઘટાડી નાખો

જન્મદિને વધામણી

સંદિપ પ્રવિણચંદ્ર જોષી
ગુજરાત સમાચાર
મો. ૯૪૨૬૫ ૦૪૫૫૨

હીરરાજ દેવેન્દ્રકુમાર પરમાર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

મેન્ટલ હેલ્થકેર એક્ટ-૨૦૧૭ નોટિફાઈ

દેશમાં આત્મહત્યાની કોશિષને હવે અપરાધ માનવામાં નહિ આવે

ગાંધીનગર, તા. ૩

આત્મહત્યાની કોશિશ કરવી હવે દેશમાં અપરાધ માનવામાં નહિ આવે. આરોગ્ય મંત્રાલયે ૨૯ મે ના રોજ મેન્ટલ હેલ્થકેર એક્ટ ૨૦૧૭ ને નોટિફાઈ કરતા આ સ્પષ્ટ કર્યુ છે. આ અધિસૂચના લોકસભામાં આ બિલ પાસ થયાના એક વર્ષ બાદ જારી કરવામાં આવી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડાએ ગયા વર્ષે લોકસભામાં આ વિધેયક રજૂ કરતા કહ્યુ હતુ કે આ વિધેયકમાં એક બહુ જ મહત્વની વાત એ છે કે આમાં આઈપીસીની ધારાને બાજુએ મૂકી દેવામાં આવી છે.

જેપી નડ્ડાએ કહ્યુ હતુ કે હવે આત્મહત્યાના પ્રયાસના મામલાને આઈપીસી પ્રાવધાનો હેઠળ જોવામાં આવી શકશે નહિ. તેમણે કહ્યુ હતુ કે જો કોઈ વ્યક્તિ પોતાના દુ:ખમાં આ પ્રકારનું પગલુ ઉઠાવે તો તેને માનસિક બિમારી માનવામાં આવશે નહિ કે અપરાધ.

મેન્ટલ હેલ્થકેર બિલમાં માનસિક રીતે બિમાર વ્યક્તિની કેર કરનાર પ્રતિનિધિની નિયુક્તિ પણ કરવામાં આવશે અને તેમની માનસિક સ્થિતિ પર નજર રાખવામાં આવશે. દેશભરમાં લગભગ ૬-૭ ટકા આ પ્રકારના મામલા આવે છે જેમાં ૧-૨ ટકા જ વાસ્તવમાં માનસિક બિમાર હોય છે. આરોગ્ય મંત્રાલયે આ ડ્રાફ્ટ પર સપ્ટેમ્બર મહિના સુધી લોકોની સલાહ માંગી છે.

મેન્ટલ હેલ્થકેર બિલ બધી સરકારી હોસ્પિટલોમાં માનસિક રીતે બિમાર લોકોને ઈલાજનો અધિકાર આપે છે. આ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ સ્વાસ્થ્ય મંત્રાલયે નિયમ અને કાયદો બનાવવા માટે હેલ્થકેર પ્રોફેશનલ્સ અને એક્સપર્ટની એક ટીમની રચના કરી હતી. મેન્ટલ હેલ્થકેર બિલ હેઠળ કોઈ પણ પ્રકારનો નિયમ તોડવા પર છ મહિનાની જેલ અથવા ૧૦૦૦૦ રૂપિયા દંડ અથવા બંને થઈ શકે છે. અપરાધ ફરીથી થવા પર બે વર્ષની જેલ અથવા ૫૦૦૦૦ રૂપિયાથી ૫ લાખ સુધીનો દંડ અથવા બંને થઈ શકે છે.

વિજ્ઞાન પ્રવાહની જેમ ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં પણ

બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવા માગણી કરાઈ

ગાંધીનગર, તા. ૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધો.૧૦ અને ૧૨ના પરિણામો જાહેર કરી દેવાયા છે. ધો.૧૦ અને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બે વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવે છે. જયારે સામાન્ય પ્રવાહમાં હાલમાં પણ માત્ર એક જ વિષયમા નાપાસ થયા હોય તેમની પૂરક પરીક્ષા લેવામાં આવે છે. બોર્ડના આ પ્રકારના નિર્ણયના કારણે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં બે વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી ભોગવવી પડે છે. તાજેતરમાં બોર્ડના સભ્યો દ્વારા બોર્ડના અધ્યક્ષને પત્ર લખીને સામાન્ય પ્રવાહમાં પણ બે વિષયની પૂરક પરીક્ષા લેવા માંગણી કરવામાં આવી છે.

બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાના પરિણામો જાહેર થયા બાદ ધો.૧૦ અને વિજ્ઞાન પ્રવાહમાં બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને માટે જુલાઈ માસમાં ખાસ પરીક્ષા લેવામાં આવે છે. પૂરક પરીક્ષા પાસ કરીને આ વિદ્યાર્થીઓ અન્ય વિદ્યાર્થીઓની સાથે પ્રવેશ લઈને રેગ્યુલર અભ્યાસ શરૂ કરી શકતા હોય છે. જો કે, આ વ્યવસ્થા માત્ર ધો.૧૦ અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને જ આપવામાં આવી છે. જયારે સામાન્ય પ્રવાહમાં માત્ર એક જ વિષયમાં નાપાસ થયા હોય તેમની પૂરક પરીક્ષા લેવામાં આવે છે. એટલે કે સામાન્ય પ્રવાહમાં બે વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓએ ફરી પરીક્ષા આપવા માટે આખુ વર્ષ રાહ જોવી પડે છે. ચાલુ વર્ષે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૧,૪૫,૬૪૨ વિદ્યાર્થીઓ એવા છે કે જેઓ બે વિષયમાં નાપાસ થયા છે. આ વિદ્યાર્થીઓને પૂરક પરીક્ષામાં બેસવાની તક આપવામાં આવે તો તેમને પરિણામ સુધારવાની તક મળી શકે તેમ છે. તાજેતરમાં આ અંગે બોર્ડના સભ્યો ડો. પ્રિયવદન કોરાટ અને ડો. નિદ્દત્ત બારોટે બોર્ડના અધ્યક્ષ પત્ર લખીને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં બે વિષયની પૂરક પરીક્ષા લેવાની માંગણી કરવામાં આવી છે. જો બોર્ડ દ્વારા આ નિર્ણય કરવામાં આવે તો ખરેખર વિદ્યાર્થીઓ માટે 'અચ્છે દિન' નુ સ્વપ્ન પુરુ થશે તેવી ટકોર પણ કરી છે. આગામી દિવસોમાં લેવાનારી પૂરક પરીક્ષા પહેલા આ નિર્ણય જાહેર કરવો જોઈએ તેવી પણ દરખાસ્ત કરી છે. જો કે, સામાન્ય પ્રવાહમાં એક સાથે ૭૦થી વધુ વિષયોની પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવે છે. બે વિષયમાં પૂરક પરીક્ષા લેવાનો નિર્ણય કરવામાં આવે તો સળંગ એક સપ્તાહ સુધી પરીક્ષા ચાલુ રાખવી પડે તેવી સ્થિતિ ઉભી થાય તેમ છે તેવુ બોર્ડના સત્તાધીશો માની રહ્યા છે.

ગુજરાતી મીડિયમના ૩૫% વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં 'ફેલ'!

અંગ્રેજીમાં સૌથી વધુ ૧.૪૩ લાખ વિદ્યાર્થી નાપાસ, ગુજરાતીમાં ૨૦ હજાર અને સંસ્કૃતમાં ૨૫ હજાર વિદ્યાર્થી નાપાસ

ગાંધીનગર, તા. ૩

ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનું અંગ્રેજી એકદમ કાચું હોય તેમ પરિણામ પરથી સ્પષ્ટ થાય છે. ગુજરાતી માધ્યમમાં અંગ્રેજી દ્વિતીય ભાષામાં સૌથી વધુ ૧.૪૩ લાખ વિદ્યાર્થી નાપાસ થયા છે. આમ, અંગ્રેજી દ્વિતીય ભાષામાં નાપાસ થનારા વિદ્યાર્થીઓની ટકાવારી ૩૫.૪૭ ટકા છે. ત્યાર બાદ આંકડાશાસ્ત્રમાં ૪૭ હજાર વિદ્યાર્થી નાપાસ થયા છે. ઉપરાંત, ગુજરાતી અને સંસ્કૃતમાં પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનું પરિણામ ખૂબ જ નીચું ૫૪.૦૩ ટકા જેટલું જ રહ્યું છે. આ માટે અંગ્રેજી વિષય જવાબદાર હોવાનું જણાય છે. ગુજરાતી માધ્યમના ૪.૦૩ લાખ વિદ્યાર્થી અંગ્રેજી વિષયની પરીક્ષા આપી હતા. જે પૈકી ૨.૬૦ લાખ વિદ્યાર્થી પાસ થયા છે. આમ, ૧.૪૩ લાખ વિદ્યાર્થી અંગ્રેજીમાં નાપાસ થતા ગુજરાતી માધ્યમનું પરિણામ નીચું ગયું છે. ગુજરાતી માધ્યમના ૩૫.૪૭ ટકા વિદ્યાર્થી અંગ્રેજીમાં નાપાસ થયા છે.

ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનો ગુજરાતી વિષય પણ નબળો હોવાનું બહાર આવ્યું છે. ગુજરાતી માધ્યમના ૨૦ હજાર વિદ્યાર્થી માતૃભાષામાં જ નાપાસ થયા છે. જયારે અંગ્રેજી માધ્યમના ૧,૭૫૨ વિદ્યાર્થીઓ જ અંગ્રેજીમાં નાપાસ થયા છે. સંસ્કૃત જેવા સ્કોરીંગ સબ્જેક્ટમાં પણ ૨૫ હજારથી વધુ વિદ્યાર્થી નાપાસ થયા છે.

આમ, ગુજરાતી માધ્યમના સંખ્યાબંધ વિદ્યાર્થીઓને ભાષાના વિષયોમાં મુશ્કેલી પડી હોવાનું પૂરવાર થયું છે.

આધારની જગ્યાએ થશે ઉપયોગ

૧ જુલાઈથી વર્ચ્યુઅલ આઈડી લાગુ થશે

ગાંધીનગર, તા. ૩

યુઆઈડીએઆઈ બેંક અને ટેલિકોમ કંપનીઓ જેવા પ્રદાતાઓ અને એજન્સીઓ માટે વર્ચ્યુઅલ આઈડી સંપૂર્ણ રીતે લગાવવા અને આધારને બદલે આ પ્રકારની આઈડી સ્વીકારવા માટે સમયમર્યાદામાં એક મહિનો વધારી એક જુલાઈ કરી દીધો છે. વર્ચ્યુઅલ આઈડી (વીઆઈડી)નો ઉદ્દેશ્ય ઉપયોગકર્તાઓને આ વિકલ્પ ઉપલબ્ધ કરાવવાનો છે કે તેમણે પોતાનો આધારકાર્ડ બતાવવો જરૂરી નથી. આધાર જાહેર કરનારી યુઆઈડીએઆઈ આ અગાઉ કહ્યું હતું કે એજન્સીઓ માટે હવે જરૂરી થયું છે કે તેઓ ૧ જૂન ૨૦૧૮થી વીઆઈડીનો સ્વીકાર કરે. યુઆઈડીએઆઈના સીઈઓએ જણાવ્યું, 'અમે તો તૈયાર છીએ, પરંતુ એજન્સીઓને વર્ચ્યુઅલ આઈડી (વીઆઈડી)ની પ્રણાલીને અપનાવવા માટે થોડો સમય જોઈએ છે. તેથી અમે એક મહિનો એટલેકે ૧ જુલાઈ સુધીનો સમય આપ્યો છે.' તેમણે કહ્યું કે, 'આતંરિક કામ અને મુશ્કેલીઓને જોઈ આ સમયમર્યાદા વધારવાનો નિર્ણય કર્યો છે.' ચાલુ વર્ષે જાન્યુઆરીમાં આધાર સંદર્ભે પ્રાઈવસી સાથે જોડાયેલી ચિંતાઓને દૂર કરતા ભારતીય વિશિષ્ટ પહચાન પ્રાધિકરણે વર્ચ્યુઅલ આઈડીને શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ પ્રણાલીના માધ્યમથી કોઈ પણ આધારકાર્ડ ધારક પોતાની વેબસાઈટ પરથી નિકાળી શકશે અને અલગ-અલગ ઓળખના કામમાં ઉપયોગ કરી શકશે. વર્ચ્યુઅલ ઓળખનો ઉપયોગ ૧૨ અંકના આધારકાર્ડના સ્થાન પર થઈ શકશે.

સ્કૂલ્સની ફી સહિતની વિગતો શિક્ષણ વિભાગની વેબસાઈટ પરથી દૂર

ગાંધીનગર, તા. ૩

રાજયની જુદી જુદી સ્વનિર્ભર સ્કૂલોની ફી નકકી કરવા માટે ફી નિર્ધારણનો કાયદો અમલમાં લાવ્યા બાદ જે સ્કૂલોની ફી નક્કી થઇ તેની વિગતો અને હિસાબો સહિતની માહિતી શિક્ષણ વિભાગ પર મૂકવામાં આવી હતી. હાલમાં પ્રવેશ કાર્યવાહી ચાલી રહી છે ત્યારે અચાનક વિભાગ દ્વારા દરેક સ્કૂલોની ફીની વિગતો વેબસાઇટ પરથી દૂર કરી દેવાઈ છે. આમ, વિભાગની પ્રકારની કામગીરીના કારણે સરકારની પારદર્શક કામગીરી પર અનેક સવાલો ઊભા થયા છે.

રાજયની જુદી જુદી સ્કૂલોની ફી નક્કી કરવાની પ્રક્રિયા પૂરી કરી દેવામાં આવી છે. જે સ્કૂલોની ફી જાહેર કરી દેવામાં આવી છે તેની તમામ માહિતી અને જાણકારી શિક્ષણ વિભાગની વેબસાઇટ પર મુકવામાં આવી હતી. જે તે સમયે ફી નિર્ધારણનો કાયદો અમલમાં આવ્યો ત્યારે પણ સરકાર દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે જે ફી જાહેર થશે તે પારદર્શક રહેશે અને વિદ્યાર્થી-વાલીઓ જયારે ઇચ્છે ત્યારે આ ફી જોઇ શકે તે માટે શિક્ષણ વિભાગની વેબસાઇટ પર રાખવામાં આવશે. સરકારની આ પ્રકારની જાહેરાતના અનુસંધાનમાં રાજ્યમાં જેટલી સ્કૂલોની ફી જાહેર થઇ તેની વિગતો હિસાબો સહિત વેબસાઇટ પર મૂકવામાં આવી હતી. જે સ્કૂલો સુપ્રીમ કોર્ટમાં ગઇ છે તેના સિવાયની બાકીની તમામ શાળાઓની ફી જાહેર કરી દેવામાં આવી છે. હાલમાં પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે કઇ શાળાને કેટલી ફી ઉઘરાવવાની મંજૂરી આપવામાં આવી છે તેની વિગતો જોવા માટે વાલીઓ માટે આ વેબસાઇટ ઉપલબ્ધ હતી. પરંતુ તાજેતરમાં અચાનક વિભાગ દ્વારા શાળાઓની ફી સહિતની તમામ વિગતો વેબસાઇટ પરથી દૂર કરી દેવામાં આવી છે. બીજા રાઉન્ડમાં જે શાળાઓની ફી નકકી કરવામાં આવી તે સુરત સિવાયની બાકી કોઇ શાળાઓની ફી હવે વેબસાઇટ પર ઉપલબ્ધ નથી. આ સ્થિતિમાં હવે કોઇ વાલીઓએ ફી જોવા માટે કયાં જવું તેની સૌથી મોટી સમસ્યા ઊભી થઇ છે. બીજીબાજુ વેબસાઇટ પર ફીની વિગતો ઉપલબ્ધ હોવાથી સંચાલકો પણ ગેરકાયદે ફી ઉઘરાવતાં ડરતા હતા. પરંતુ હવે ફીની વિગતો હટાવી લેવામાં આવતાં સંચાલકોને પણ ગેરકાયદે ફી ઉઘરાવવાનો પરવાનો મળી જશે તેવી સ્થિતિ ઊભી થઇ છે. વાલીઓ કહે છે વેબસાઇટ પરથી ફી ની વિગતો દૂર કરીને સરકારે સંચાલકોને ગેરકાયદે ફી ઉઘરાવવાનો પરવાનો આપી દીધો છે.

સાબરમતી આશ્રમનની સામે એક વિશાળ ચરખો મૂકાશે

ગાંધીનગર, તા. ૩

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, છે, તેના ભાગરૂપે ગાંધીજીની કર્મભૂમિ અને ગાંધીને 'સાબરમતીના સંત'ની ઉપમા આપનાર સાબરમતી આશ્રમની સામેના ભાગે સુભાષ બ્રિજ રિવરફ્રન્ટ તરફ ગેટ નંબર ૩ પાસે એક વિશાળ ચરખો લગાવવામાં આવશે. ખાદી અને ગ્રામોદ્યોગ વિભાગ, ખાદી ઈન્ડિયા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી આ કામ કરી રહ્યો છે. તેના માટે ચાર ફૂટ ઊંચું ગ્રેનાઈટનું પ્લેટફોર્મ બનાવવામાં આવશે. ૨.૨ ટન વજન ધરાવતો સ્ટેનલેસ સ્ટીલનો ચરખો, ક્રોમિયમ નિકલ સ્ટેનલેસ સ્ટીલનો બનશે, જેના પર ગરમી કે તડકાની અસર નહિ થાય. આ ચરખો ૧૧ ફૂટ ઊંચો, ૨૨ ફૂટ લાંબો અને ૬.૫ ફૂટ પહોળો હશે. આ પહેલાં પણ ખાદી અને ગ્રામોદ્યોગ વિભાગે દેશભરમાં અનેક સ્થળે આ પ્રકારના વિશાળ ચરખા મૂક્યા છે. આવા જ ચરખા દિલ્હીમાં કનોટ પ્લેસ, ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ, મોતિહારી ગાંધી મ્યુઝિયમ અને યુગાન્ડામાં આ પ્રકારના ચરખા મુક્યા છે. શનિવારે તેના પ્લેટફોર્મ માટેનું કામ શરૂ થઈ ચુક્યું છે.

આ અંગે ખાદી અને ગ્રામોદ્યોગ વિભાગના ચેરમેન વિનયકુમાર સક્સેનાએ જણાવ્યું હતું કે, જેમ આગ્રામાં યમુના નદીના કિનારે લાલ કિલા અને તાજમહેલના આવા સ્મૃતિચિહ્નોની જેમ ગાંધીના ગુજરાતનો આ પહેલો ચરખો હશે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડની મંજૂરી બાદ ખોદકામ શરૂ થઈ ચુક્યું છે.

આ દરખાસ્ત અમલી બનતા મુંબઈમાં કાર દિલ્હી કરતા સસ્તી મળશે

વાહનોની ખરીદી પર સમાન રોડ ટેક્સ લાવવાનું કેન્દ્ર સરકારનું સૂચન

ગાંધીનગર, તા. ૩

ટ્રાન્સપોર્ટ મંત્રાલયે 'વન નેશન વન ટેક્સ'ની દરખાસ્ત હેઠળ બાર ટકાનો સૌથી ઊંચો રોડ ટેક્સનું સૂચન કર્યું હોવાથી પાટનગર દિલ્હીમાં વાહનો ખરીદવાનું મોંઘુ પડશે. કેન્દ્ર સરકારે વાહનોની કિંમતને ધ્યાનમાં લઈને ત્રણ પ્રકારના ટેક્સ બ્રેકેટ નિશ્ચિત કર્યા છે. દસ લાખથી ઓછી કિંમતના વાહનો પર આઠ ટકા, રૂ. દસ અને ૨૦ લાખની વચ્ચેની કિંમત ધરાવતા વાહનો પર દસ ટકા અને ૨૦ લાખથી વધુની કિંમતના વાહનો પર બાર ટકા રોડ ટેક્સ સૂચવ્યો છે.

એપ્રિલમાં ટ્રાન્સપોર્ટના પ્રધાનોના ગ્રુપે લોકો કરચોરી ન કરે એ માટે તમામ રાજ્યોમાં સમાન રોડ ટેક્સ રાખવાનું સૂચવ્યું હતું. આ પ્રકારે યુનિફોર્મ કે સમાન ટેક્સ રેટ રાખવાથી લોકો ઓછો રોડ ટેક્સ ધરાવતા રાજ્યોમાં વાહનનું રજિસ્ટ્રેશન કરતાં બંધ થઈ જશે. કરચોરી કરવાના આશયથી ઘણા લોકો આ રીતે ઓછા ટેક્સ ધરાવતા રાજયમાં વાહનનું રજિસ્ટ્રેશન કરાવીને પોતાના રાજ્યમાં વાહન લઈ જતા હતા. એવું રોડ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું. હાલ દિલ્હીમાં બે પેસેન્જરને લઈ જતા કમર્શિયલ વાહનના ડ્રાઈવર દ્વારા વર્ષે રૂ. ૩૦૫ ચૂકવાય છે. જ્યારે ૧૮થી વધુ જણને લઈ જતા કમર્શિયલ વેહિકલ ડ્રાઈવર દ્વારા વર્ષે રૂ. ૧૮૫૦ (આ ઉપરાંત ૧૮ વર્ષથી મોટી વયના માટે રૂ. ૨૮૦) ચૂકવવામાં આવે છે.

દસ ટનથી વધુ માલની ક્ષમતા ધરાવતા વેહિકલ માટેનો વાર્ષિક રેટ રૂ. ૩૭૯૦ (પ્લસ દસથી વધુ ટન માટે ટન દીઠ રૂ. ૪૭૦) છે અને એક ટનથી ઓછી ક્ષમતા ધરાવતા કમર્શિયલ વેહિકલ માટેનો વાર્ષિક રેટ રૂ. ૬૬૫ છે.

દિલ્હીમાં રૂ. છ લાખથી ઓછી કિંમતની પ્રાઈવેટ પેટ્રોલ કારનો રોડ ટેક્સ ચાર ટકા છે જ્યારે ડીઝલ કારનો રોડ ટેક્સ વાર્ષિક પાંચ ટકા છે. રૂ. છથી દસ લાખની વચ્ચેની કિંમત ધરાવતી પેટ્રોલ કારનો ટેક્સ સાત ટકા અને ડીઝલ કારનો રોડ ટેક્સ ૮.૭૫ ટકા છે. પાટનગરમાં રૂ. દસ લાખથી વધુ કિંમતની કાર (પેટ્રોલ)નો રોડ ટેક્સ દસ ટકા અને ડીઝલ કારનો રોડ ટેક્સ ૧૨.૫ ટકા છે.

આરટીઈ હેઠળ પ્રવેશના પ્રથમ તબક્કામાં અમદાવાદમાં ૩૫૦૦ બેઠકો ખાલી પડી

પહેલા રાઉન્ડમાં જેમનો નંબર આવ્યો નથી તેવા વેઈટિંગમાં રહેલા વિદ્યાર્થીઓને બીજા રાઉન્ડમાં સ્કૂલોની ફાળવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૩

રાજયની સ્વનિર્ભર શાળાઓમાં ગરીબ અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને પ્રવેશ માટે રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ કાર્યવાહી શરૂ કરાઈ હતી. જેમાં પહેલા તબક્કામાં કુલ ૧ લાખ ૫ હજાર જગ્યાઓ માટે વિદ્યાર્થીઓ પાસેથી ફોર્મ મંગાવીને શાળા ફાળવણીની પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઈ છે. અમદાવાદ શહેરમાં અંદાજે ૨૦ હજાર બેઠકો માટે કાર્યવાહી કરાઈ હતી. ઓનલાઈન ડોક્યુમેન્ટ અપલોડ કરવાના છેલ્લા દિવસે કુલ શહેરમાં ૧૬૫૦૦ બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાતા અદાજે ૩૫૦૦ બેઠકો ખાલી પડી હતી. આ ખાલી બેઠકો પર બીજા રાઉન્ડમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાશે.

રાજયની જુદી જુદી સ્વનિર્ભર શાળાઓમાં ૨૫ ટકા લેખે ૧ લાખ ૫ હજાર બેઠકો ઉપલબ્ધ હતા. જેમાં અમદાવાદ શહેરમાં ૧૦૫૫૭ અને ગ્રામ્ય વિસ્તારમાં ૯૭૦૦ બેઠકો મળી કુલ ૨૦૨૫૭ બેઠકો પર અરજીઓ મંગાવાઈ હતી. જે અરજીઓ આવી તેના આધારે વિદ્યાર્થીઓને સ્કૂલ ફાળવણી કરી દેવાઈ છે. દરેક શાળાઓને જે વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા હોય તેના ડોક્યુમેન્ટ તા.૨ જૂન સુધીમાં ઓનલાઈન મુકવા શિક્ષણ વિભાગે આદેશ કર્યો હતો. જે પ્રમાણે આજે દરેક સ્કૂલોએ પોતાના વિદ્યાર્થીઓની માહિતી અપલોડ કરી દીધી હતી. જેમાં એવી વિગતો બહાર આવી હતી કે, અમદાવાદમાં કુલ ૨૦૨૫૭ બેઠકોની સામે ૧૬૫૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ કન્ફર્મ થઈ ચૂક્યા છે. એટલે કે ૩૫૦૦ જેટલી બેઠકો પહેલા રાઉન્ડના અંતે ખાલી પડી છે. હવે આ ખાલી બેઠકો માટે તા.૧૦મી જૂને ફરીવાર સ્કૂલોની ફાળવણી કરાશે. અગાઉ જે વિદ્યાર્થીઓએ આરટીઈ હેઠળ ફોર્મ ભર્યા હતા અને પહેલા રાઉન્ડમાં જેમનો નંબર આવ્યો નથી તેવા વેઈટિંગમાં રહેલા વિદ્યાર્થીઓને બીજા રાઉન્ડમાં સ્કૂલોની ફાળવણી કરવામાં આવશે.

ગૂજરાત વિદ્યાપીઠ ખાતે 'યુવા કી ઓર ગાંધી' શિબિર

૯ રાજ્યોના ૨૯ વિદ્યાર્થીઓ અને કોઓર્ડિનેટરને બે ભાગમાં તાલીમ અપાઈ : ગ્રામ્ય સંસ્કૃતિનો પરિચય આપીને ગમડામાં કામ કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૩

ગૂજરાત વિદ્યાપીઠ અને ગાંધીયન સોસાયટી, યુએસએના સહયોગથી કસ્તુરબા અને ગાંધી બાપુ બંનેની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે ઓગસ્ટ ૨૦૧૭થી માર્ચ ૨૦૧૮ દરમિયાન બિહાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, કેરળ, મધ્યપ્રદેશ, ત્રિપુરા અને આસામ સહિત ૯ રાજ્યોમાં 'યુવા કી ઓર ગાંધી' અંતર્ગત પાંચ દિવસની શિબિરો યોજાઈ હતી. જેનો હેતુ દેશના યુવાનોને ગાંધીવિચાર તરફ વાળવાનો હતો.

આ શિબિરોમાં જોડાયેલા વિદ્યાર્થીઓમાંથી પસંદગી પામેલા વિદ્યાર્થીઓ માટે ૨૦ થી ૨૯ મે દરમિયાન વિદ્યાપીઠ ખાતે સઘન શિબિરનું આયોજન થયું હતું. જેમાં તેમને ગ્રામ્ય સંસ્કૃતિનો પરિચય, ખાદી ગ્રામોદ્યોગની સમજ, લોક સંપર્કની તાલીમ, સત્યાગ્રહ અને રચનાત્મક કાર્યક્રમોની સમજણ આપીને ગમડામાં કામ કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા.

આ શિબિરમાં ૯ રાજ્યોના ૨૯ વિદ્યાર્થીઓ અને કોઓર્ડિનેટરને બે ભાગમાં તાલીમ અપાઈ, વિદ્યાપીઠ તેમજ સંવેદના સંસ્થા વિરમપુર. શિબિરની પૂર્ણાહુતિ સમયે વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહ, કુલસચિવ રાજેન્દ્ર ખીમાણી તેમજ મહાદેવભાઈ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના સંયોજક ડૉ. કમલેશ પટેલે વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતાં.

અમેરિકામાં નોકરી કરી રહેલ ૭૦ હજાર ભારતીય માટે ખરાબ સમાચાર

એચ-૪ વીઝાધારકોની કામ કરવાની મંજૂરી રદ્દ કરવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં

ગાંધીનગર, તા. ૩

અમેરિકામાં નોકરી કરી રહેલ ૭૦ હજાર ભારતીય માટે ખરાબ સમાચાર છે. ટ્રમ્પ પ્રશાસને અમેરિકાની એક કોર્ટમાં કહ્યું કે, એચ-૪ વીઝાધારકોની કેટલીક શ્રેણીઓને કામ કરવાની મંજૂરી (વર્ક પરમિટ) રદ્દ કરવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે.

એચ-૧ બી વીઝા ધારકોના પતિ અથવા પત્નીને કામ કરવા માટે એચ-૪ વીઝા જારી કરવામાં આવે છે. એચ-૪ વીઝાધારકોમાં ભારતીય પ્રોફેશનલોની સંખ્યા ખૂબ જ વધારે છે. નવા નિયમોનો ઔપચારિક આદેશ જૂનમાં આપવામાં આવી શકે છે.

એચ-૧ વિઝાધારકોના પતિ કે પત્નીને કામ કરવા માટે એચ-૪ વિઝા ઈશ્યૂ કરવામાં આવે છે. હાલ આ વિઝા પર કામ કરતા ૯૩ ટકા લોકો ભારતીય છે. ટ્રમ્પ સરકારના આ નિર્ણયની અસર ૭૦ હજાર ભારતીયો પર પડવાની સંભાવના છે.

અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી (ડીએચએસ)એ કોર્ટને કહ્યું છે કે, 'પ્રસ્તાવિત નિયમ મંજૂરીના અંતિમ ચરણમાં છે.' ટ્રમ્પ સરકારે કોર્ટને કહ્યું છે કે, એક વાર પ્રસ્તાવ પર ડીએચએસના માધ્યમથી મંજૂરી મળી જશે તો તેને આગળ મોકલવામાં આવશે.

અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ બરાક ઓબામાએ તેમના કાર્યકાળ દરમિયાન એચ-૧બી વિઝાધારકના પાર્ટનરને કાયદાકીય રીતે કામ કરવાની મંજૂરી આપી હતી, પરંતુ ટ્રમ્પ સરકાર આ નિયમ રદ કરવાની તૈયારીમાં છે.

વૈશ્વિક શાંતિ માટે શહીદી વહોરવામાં ભારતીયો આગળ

૧૬૩ ભારતીયોએ માત્ર માનવતાને ખાતર બલિદાન આપ્યું

ગાંધીનગર, તા. ૩

વિશ્વભરમાં શાંતિ માટે સૌથી વધારે શહાદત ભારતીયોએ જ આપી છે, આ નિવેદન યુનાઈટેડ નેશન તરફથી આવ્યું છે. છેલ્લાં ૭૦ વર્ષમાં વિશ્વમાં થયેલા પીસકિપિંગ મિશનમાં ડ્યૂટી દરમિયાન સૌથી વધારે શાંતિદૂત ભારતના જ શહીદ થયા છે. ૧૬૩ ભારતીયોએ માત્ર માનવતાને ખાતર બલિદાન આપ્યું છે. જેમાં સેના, પોલીસ અને સિવિલિયન કર્મચારીઓ પણ સામેલ હતા.

યુએનના જણાવ્યા અનુસાર, ૧૯૪૮થી અત્યાર સુધી પીસ કિપિંગ મિશનમાં લાગેલા ૩૭૩૭ સૈનિકોએ પોતાનું બલિદાન આપ્યું, જેમાં સૌથી વધુ સંખ્યા ભારતમાંથી છે. ભારત યુએનના પીસકિપિંગ મિશનમાં યોગદાન કરનાર ત્રીજો સૌથી મોટો દેશ છે. આ સમયે ભારતના ૬૬૯૩ શાંતિદૂર કાંગો, હૈતી, લેબનાન, સાઉથ સૂડાન, સાઈપ્રસ, અબેઈ, વેસ્ટર્ન સહારા અને મિડલ ઈસ્ટમાં ગોઠવાયેલા છે.

હાલના દોરમાં ૧૨૪ ટ્રૂપના ૯૬,૦૦૦ યુનિફોર્મ જવાન અને પોલીસ વિશ્વના અલગ અલગ દેશોમાં પીસકિપિંગ મિશન હેઠળ કામ કરી રહ્યા છે.

તેઓની સાથે ૧૫,૦૦૦ ઈન્ટરનેશનલ અને નેશનલ સિવિલિયન્સ સ્ટાફ અને ૧૬૦૦ યુનાઈટેડ નેશન્સના વોલન્ટિયર્સ પણ વિશ્વભરમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે. યુએનએ બુધવારે ઈન્ટરનેશનલ ડે ઓફ યુનાઈટેડ પીસકિપર્સના પ્રસંગે એક પ્રોગ્રામ કર્યો. જેમાં મિશન પર શહીદ થયેલાં શાંતિદૂતોની કુરબાનીને યાદ કરવામાં આવી અને તેઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

યુએનના મહાસચિવ એન્ટોનિયા ગુટેરેસે મિશનના ૭૦માં સ્થાપના દિવસે કહ્યું કે, અમે એ તમામ ૧૦ લાખ મહિલાઓ અને પુરૂષો પ્રત્યે આભાર વ્યક્ત કરીએ છે, જેઓએ યુએન ફ્લેગ હેઠળ પોતાની સેવાઓ આપી અને અસંખ્ય લોકોના જીવ બચાવ્યા.

મહાસચિવે કહ્યું કે, અમે ૩૭૦૦થી વધુ બ્લૂ હેલમેટવાળાઓનું સ્વાગત કરીએ છીએ, જેઓએ ભારે કિંમત ચૂકવી